C.P.C Schedule, I Appr.D.No.1]

Cvi.A 37g **અસલ હુકમનામુ**

અસલ ફરીયાદીનું હુકનામિ( આ,૨૦, કા–૬,૭)
(ફોર્મનં.૧, પરિશિષ્ટ,શેડ્યુલ–૧)

# પેટલાદના મે, પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ ની કોર્ટમાં (એ.જે.રાણા) સાહેબ

# મુ.પેટલાદ

**એચ.એમ.પી નં. ૬૧/૨૦૨૩**
**આંક - ૧૫**

અરજદાર : (૧) કાજલબેન પ્રવીણભાઈ શંકરભાઈ પટેલ,
તે ધાર્મિક દીલીપભાઈ પટેલની પત્ની,
ઉ.વ.૨૯, ધંધો–ઘરકામ, ધર્મ–હિન્દુ (લેઉવા પટેલ)
રહે.રામજી મંદિર સામે, મુ.લીંબાલી,
તા.સોજીત્રા, જી.આણંદ.

(૨) ધાર્મિકભાઈ દીલીપભાઈ પટેલ,
ઉ.વ.૨૯, ધર્મ–હિન્દુ (લેઉવા પટેલ)
રહે.સોના ટેકરી, દેવાતજ, તા.સોજીત્રા,
જી.આણંદ. ૩૮૭૨૪૦.

વિરૂધ્ધ

સામાવાળા- કોઈ નથી

પીટીશન :- **હિન્દુ મેરેજ એકટની કલમ ૧૩ (બી) મુજબ છુટાછેડા મેળવવા માટેની અરજી**

**અરજદારની અરજી એવી છે કે,**

(૧) આ કામના અરજદારે હિન્દુ મેરેજ એક્ટની કલમ ૧૩(બી) મુજબ છુટાછેડા મેળવવા સારુ હાલની અરજી કરેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદારોના લગ્ન તા.૩૦/૧૨/૨૦૧૪ ના રોજ સોળ ગામ લેઉઆ પાટીદાર સમાજની વાડી ધર્મજ મુકામે સમાજના રીત રીવાજ તથા ધાર્મિક વિધીથી થયેલા અને સદર લગ્નની નોંધણી લગ્ન રજીસ્ટ્રારની કચેરી તા.૦૩/૦૨/૨૦૧૫ લીંબાલી ખાતે કરાવેલુ ત્યારથી બંને અરજદારો પતિ પત્ની તરીકે લગ્ન જીવનના હકકો ભોગવતા હતા. અરજદારોનું લગ્નજીવન છેલ્લા ૪–૫ વર્ષ પહેલા સુધીમાં સારુ ચાલતુ હતુ પરંતુ ત્યારબાદ ધીમે ધીમે બંને વચ્ચે નાની નાની બાબતોમાં તકરારો અને મનદુખ થવા લાગ્યુ હતુ.બંને અરજદારો વચ્ચે વિચારો અને સ્વભાવનો મનમેળ ન આવતો હતો અને અરજદાર નં.૨ નાઓ તા.૧૫/૦૨/૨૦૨૨ યુક્રેન ગયા ત્યારથી અરજદાર નં.૧ છેલ્લા એક વર્ષ ચાર મહીનાથી તા.૧૫/૦૨/૨૦૨૨ ના રોજથી તેણીના માતા પિતાને ત્યાં રહેવા આવી ગયેલા. અરજદારો જુદા રહેવા લાગ્યા ત્યારે પણ બંનેએ તેઓનુ લગ્નજીવન ટકી રહે તે માટે ઘણા પ્રયત્નો કરેલા એટલુ જ નહી તેઓના ઘરના વડીલોએ પણ તેઓનુ લગ્ન જીવન ટકી રહે તે માટે પ્રયત્નો કરેલા છે પરંતુ બંને વચ્ચે મનભેદ અને મતભેદ એટલા બધા વધી ગયા છે કે બંને સાથે રહી લગ્ન જીવન ટકાવી શરે તેમ ન હોવાથી છુટાછેડા લેવાનું નકકી કરેલુ. અરજદારો વચ્ચે ચીજોની લેવડ–દેવડ, કપડા લત્તા, ઘરેણા, વાસણો વગેરે એકબીજાને સોંપી દીધેલુ છે. હવે એકબીજાને આપવા લેવાનું કાંઈ પણ બાકી રહેતુ નથી. હવે ફરીથી લગ્ન જીવન શરુ કરવાની શકયતા દેખાતી નથી. જેથી અરજદારોએ સદર અરજી કરી દાદ માંગેલ છે કે અરજદારોને તેઓના લગ્નમાંથી છુટાછેડા માટેનુ કાયદેસરનું હુકમનામું કરી આપવા અરજ ગુજારેલ છે.

## <u>આખરી હુકમ</u>

(૧) અરજદારની અરજી આથી **<u>મંજુર</u>** કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર નં.૧) અરજદાર નં.૧ કાજલબેન પ્રવીણભાઈ શંકરભાઈ પટેલ તે ધાર્મિક દીલીપભાઈ પટેલની પત્ની અને અરજદાર નં.૨)ધાર્મિકભાઈ દીલીપભાઈ પટેલનાઓના તા.૩૦/૧૨/૨૦૧૪ ના રોજ થયેલ લગ્નનો અંત આ હુકમથી કરવામાં આવે છે તથા અરજીમાં માંગ્યા મુજબ છુટાછેડાનો હુકમ કરવામાં આવે છે.

(3) અરજીનો ખર્ચ અરજદારોએ જાતે ભોગવવો.

**ખર્ચનો આંકડો**

| વાદીનો થયેલ ખર્ચ | | રૂ.પૈ | પ્રતિવાદીને થયેલ ખર્ચ | | રૂ.પૈ |
|---|---|---|---|---|---|
| ૦૧ | ફરીયાદ અરજીનો સ્ટેમ્પ | ૧૦૦–૦૦ | ૦૧ | ફરીયાદ અરજીનો સ્ટેમ્પ | ૦-૦૦ |
| ૦૨ | મુખત્યારનામાનો સ્ટેમ્પ | ૦૫–૦૦ | ૦૨ | મુખત્યારનામાનો સ્ટેમ્પ | ૦૦–૦૦ |
| ૦૩ | રજુ કરેલા કાગળોનો સ્ટેમ્પ | ૦૬–૦૦ | ૦૩ | રજુ કરેલા કાગળોનો સ્ટેમ્પ | ૦૦–૦૦ |
| | કુલ આગળ આપ્યા પ્રમાણે | ૦–૦૦ | | કુલ આગળ આપ્યા પ્રમાણે | ૦–૦૦ |
| ૦૪ | સાક્ષીઓની ખોરાકી | ૦–૦૦ | ૦૪ | સાક્ષીઓની ખોરાકી | ૦–૦૦ |
| ૦૫ | ફરિયાદમાના દાવા ઉપર પ્લીડરની ફી | ૫૦–૦૦ | ૦૫ | ફરિયાદમાના દાવા ઉપર પ્લીડરની ફી | ૦-૦૦ |
| | સામા દાવા ઉપર પ્લીડરની ફી | ૦–૦૦ | | સામા દાવા ઉપર પ્લીડરની ફી | ૦–૦૦ |
| ૦૬ | પ્રોસેસ બજવણી | ૦–૦૦ | ૦૬ | પ્રોસેસ બજવણી | ૦–૦૦ |
| ૦૭ | કમિશનની ફી | ૦–૦૦ | ૦૭ | કમિશનની ફી | ૦–૦૦ |
| ૦૮ | તરજુમાની ફી | ૦–૦૦ | ૦૮ | તરજુમાની ફી | ૦–૦૦ |
| ૦૯ | નકલની ફી | ૦–૦૦ | ૦૯ | નકલની ફી | ૦–૦૦ |
| ૧૦ | મુલતવી રાખવા બદલ આપેલ | ૦–૦૦ | ૧૦ | મુલતવી રાખવા બદલ આપેલ | ૦–૦૦ |
| ૧૧ | વારસોને દાખલ કરવા બાબતની અરજી ઉપરનો સ્ટેમ્પ | ૦–૦૦ | ૧૧ | વારસોને દાખલ કરવા બાબતની અરજી ઉપરનો સ્ટેમ્પ | ૦–૦૦ |
| | **કુલ...** | **૧૬૧–૦૦** | | **કુલ...** | **૦૦–૦૦** |
| | નહી આપેલો ખર્ચ | ૦–૦૦ | | નહી આપેલો ખર્ચ | ૦–૦૦ |
| | ફરીયાદી અરજી ઉપર | ૦–૦૦ | | ફરીયાદી અરજી ઉપર | ૦–૦૦ |
| | પ્લીડરની ફી | ૦–૦૦ | | પ્લીડરની ફી | ૦–૦૦ |
| | પ્રોસેસ ઉપર | ૦–૦૦ | | પ્રોસેસ ઉપર | ૦–૦૦ |
| | રજુ કરેલા કાગળો ઉપર | ૦–૦૦ | | રજુ કરેલા કાગળો ઉપર | ૦–૦૦ |
| | **પ્રમાણસર ખર્ચ** | **૧૬૧–૦૦** | | **પ્રમાણસર ખર્ચ** | **૦૦–૦૦** |

આજે તારીખ ૦૯ મી માહે ઓકટોબર સને ૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કો કરીને આપ્યું

તૈયાર કરનાર (આસીસ્ટન્ટ) -

તપાસી જોનાર ( સુપ્રિટેન્ડન્ટ) – 

પ્રિન્સીપાલ સીનીયર સિવીલ જજ , પેટલાદ